
## જન્મદિને વધામણી



શ્રીમતી હિરલ હિરેન ભટ્ટ
શ્રી - મોતી આર્ટીસ્ટ
મો. ૯૮૭૯૭ ૦૩૦૭૦



બાબુભાઈ મણીલાલ પટેલ
યુનિટ ડિરેક્ટર, જાયન્ટ્સ
ઈન્ટરનેશનલ ફેડરેશન-૩સી
મો. ૯૪૨૯૬ ૩૩૧૧૩



પર્વ કેયુર શાહ
ફોન : ૨૩૨૨૩૬૯૧

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
બાગી - ૨
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન - ૩**
હીચકી
૧.૦૦
રેવા (ગુજરાતી)
૩.૪૫
બ્લેક મેઈલ
૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન - ૪**
બ્લેક મેઈલ
૧૨.૩૦
રેઈડ
૩.૧૫, ૧૦.૦૦
મિસિંગ
૫.૩૦, ૭.૪૫

**સ્ક્રીન - ૫**
બાગી-૨
૧૨.૪૫
બ્લેક મેઈલ
૩.૩૦

### ગાંધીનગરની નર્તન ઍકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સનો

# અફલાતૂન 'નર્તન ઉત્સવ - ૨૦૧૮'







ગાંધીનગર, તા. ૮

નર્તન ઍકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સ, ગાંધીનગરનો દ્વિતિય વાર્ષિક મહોત્સવ જાજરમાન રીતે ગાંધીનગર ખાતે ઉજવાયો હતો, જેમાં તાલીમાર્થીઓએ શાસ્ત્રીય નૃત્ય કથકની સુંદર પ્રસ્તુતિ કરીને પ્રેક્ષકોની ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી.

કલાગુરુ હાર્દિકા શુકલના સંચાલનમાં નર્તન ઍકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સ ગાંધીનગરમાં કથક નૃત્ય અને સંગીતની પદ્ધતિસરની તાલીમ આપી રહી છે. પોતાનો વાર્ષિક સ્ટેજ મહોત્સવ 'નર્તન ઉત્સવ' નામથી ઉજવવાની પ્રથા સંસ્થાએ ગત વર્ષથી શરૂ કરી છે. ગત વર્ષે માત્ર ૬ જેટલા તાલીમાર્થીઓએ નર્તન ઉત્સવની પ્રસ્તુતિ કરી હતી પરંતુ આ વખતે નર્તન ઉત્સવમાં ૧૨ તાલીમાર્થીઓએ જોડાઈને તેને નવી જ શોભા અર્પણ કરી હતી.

હાર્દિકા શુકલના નૃત્ય નિર્દેશનમાં પ્રતિક્ષા નિમાવત, અર્ચિતા બજાલ, ખુશાલી ઉપાધ્યાય, પાયલ ઉપાધ્યાય, સુહાની ઉપાધ્યાય, સોનાલી ઉપાધ્યાય, નિહારીકા સૂલે, વૈદેહી માર્શેટવર, ચારુક્ષી માર્શેટવર, દેવાંશી પંચોલી, ઓઈશી હાજરા અને કનન અગ્રવાલે પ્રાર્થનાથી માંડીને અંગ્રેજી ગીત ઉપર પણ કથક નૃત્યની એવી પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી કે જોનારા દંગ થઈ ગયા હતા.

શોની વિશેષતા એ હતી કે એમાં ભાગ લેનારી સૌથી નાની કલાકાર માત્ર સાડા પાંચ વર્ષ વયની હતી અને સૌથી મોટી કલાકાર હતી ૪૧ વર્ષની. સૌએ એકસાથે મળીને સુંદર શો પ્રસ્તુત કર્યો હતો. એમાંય શિવલીલા અને શ્રીકૃષ્ણલીલા જેવી કૃતિને તો પ્રેક્ષકોએ ભરપૂર વખાણી હતી, જેમાં શિવસ્વરૂપ અને નાગદમન જેવાં દશ્યો પ્રેક્ષકો માટે કાયમી સંભારણું બની રહ્યાં હતાં.

યુથ હૉસ્ટેલ, ગાંધીનગર ખાતે આયોજિત નર્તન ઉત્સવ-૨૦૧૮ના અતિથિ તરીકે કીડઝી સેન્ટર, ચાંદખેડાનાં પ્રિન્સિપાલ રીતિ અગ્રવાલ, શિક્ષણવિદ વિકાસ અગ્રવાલ, રાજકોટ બાલભવનના પ્રૉજેક્ટ ડિરેક્ટર લલિતભાઈ શુક્લ, મીનાક્ષીબેન શુક્લ, નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, મીતાબેન સુથાર અને ગાંધીનગરના જાણીતા અભિનેતા તથા ગાંધીનગર મહાનગરપાલિકાના સ્વચ્છતાના બ્રાન્ડ ઍમ્બેસેડર જનક ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓ અને તેમના વાલીઓએ ઍકેડેમી અંગે પોતાના સકારાત્મક પ્રતિભાવો આપ્યા હતા તો ઉપસ્થિત અતિથિઓએ આધુનિક યુગમાં પણ આપણી સંસ્કૃતિની ધરોહર સમી શાસ્ત્રીય નૃત્યની કૃતિઓ જોઈને આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. સંસ્કૃતિને ટકાવી રાખવા તેના મૂળ સ્વરૂપ સમી આવી કૃતિઓ પણ આવશ્યક હોવાનું જણાવી અતિથિઓએ પોતાના અભિનંદન અને શુભકામનાઓ ઍકેડેમી તથા તાલીમાર્થીઓને અર્પણ કરી હતી.

ઍકેડેમીના માધ્યમથી કથકની વિવિધ કક્ષાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીઓને ગુણપત્રક અને પ્રમાણપત્ર તથા શોમાં ભાગ લેનારા સૌ તાલીમાર્થીઓને પણ પ્રમાણપત્રો અતિથિઓના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

નર્તન ઉત્સવ માટે રિધમીસ્ટ તરીકે નૈમિષ વોરા, ગાયક તરીકે સ્વયં કલાગુરુ હાર્દિકા શુકલ, સંગીત સંચાલન માટે મૌન સાધુ-મયંક ભટ્ટ, લાઈટ્સ અને લાઈટ્સ સંચાલન માટે દિવ્યકાન્ત વર્મા-સાબિર મલેક, ડ્રેસીંગ્સ માટે પ્રતિક્ષા નિમાવત, શુભાંગી માર્શેટવર અને નેપથ્ય માટે પંચમ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશનમાં વાર્ષિક શુભેચ્છા સમારંભ યોજાયો









ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ તેમજ વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશનમાં પ્રૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ભાવિ શિક્ષકોના ઉજ્જવળ ભવિષ્યના હેતુથી આશીર્વચન તેમજ વર્ષભરની શૈક્ષણિક સફરના ચિતાર સમા 'દર્પણ' તેમજ શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, ગાંધીનગરના વાર્ષિક અંક 'શબ્દાંકન'નું વિમોચન કરવામાં આવ્યું હતું. શુભેચ્છા સમારંભના આરંભે ડૉ. જિજ્ઞાસાબેન જોષીએ અતિથિઓનો શાબ્દિક પરિચય આપી ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશનમાં વર્ષ દરમિયાન થયેલી વિશિષ્ટ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. ત્યારબાદ કૉલેજની તાલીમાર્થી ખ્યાતિ પ્રજાપતિ, પ્રાચી ગોલ અને સ્પીના ચૌહાણે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. વર્ષ ૨૦૧૫-૧૭ દરમિયાન કૉલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર તેમજ શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળમાં વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓનો મૅડલ તેમજ સર્ટીફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. શુભેચ્છા સમારંભમાં ખાસ ઉપસ્થિત રહેલા જાણીતા શિક્ષણવિદ દીપકભાઈ તેરૈયાએ દિક્ષા ગ્રહણ કરી રહેલા વિદ્યાર્થીઓને સર્વધર્મ સમભાવ, શિક્ષકની વિદ્યાર્થી પ્રત્યેની નજર, સ્ટ્રેસ મૅનેજમૅન્ટ તેમજ શિક્ષણના વ્યવસાયની વિશેષતાઓ વિશે માહિતગાર કર્યા હતા. શુભેચ્છા સમારંભના અધ્યક્ષ ડૉ. કનુભાઈ પટેલે ક્યારેય કોઈ વિદ્યાર્થીને અપમાનજનક રીતે ન બોલાવવો જોઈએ તેમજ શિક્ષક તરીકેની ફરજને જીવનમાં ન્યાય આપવાનું કહ્યું હતું. આ વાર્ષિક શુભેચ્છા સમારંભમાં ડૉ. આર જે વ્યાસ, ડૉ. સંજયભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. કુસુમબેન યાદવે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની ઋચા જાનીએ કર્યું હતું.

## ૧૪મીએ નરેન્દ્ર મોદીના પુસ્તક 'ડૉ. બાબાસાહેબ આંબેડકર : વ્યક્તિ નહીં, સંકલ્પ'નું વિમોચન

ગાંધીનગર, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચિંતનપ્રવાહમાંથી તૈયાર કરવામાં આવેલા પુસ્તક 'ડૉ.બાબાસાહેબ આંબેડકરઃ વ્યક્તિ નહીં, સંકલ્પ'નું વિમોચન આગામી તા.૧૪મીએ ડૉ. આંબેડકર જયંતીના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિભવન ખાતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ વૈંકયા નાયડુના હસ્તે કરાશે. સંવેદના પબ્લિકેશન દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું સંપાદન કિશોર મકવાણાએ કર્યું છે. ડૉ. આંબેડકરના જીવનવિચાર અને એમના ઉદ્દેશને સમજવામાં ઉપયોગી આ પુસ્તકમાં વડાપ્રધાન મોદીએ ડૉ. આંબેડકરના સમગ્ર જીવનદર્શનને વ્યક્ત કર્યું છે. શિક્ષણ, વિદેશ નીતિ, કૃષિ, મજદૂર, ઉદ્યોગનીતિ તેમજ આર્થિક બાબતો અંગેના બાબાસાહેબના વિચારો આજેય એટલા જ પ્રસ્તુત હોવાનું સુંદર પ્રિન્ટિંગ, ઉત્કૃષ્ટ કાગળ અને કલરફુલ ફોટોગ્રાફ્સ સાથેના આ પુસ્તકમાં નરેન્દ્ર મોદીએ પોતાના વિચારો દ્વારા ખૂબ વિશદ રીતે સમજાવ્યું છે.





નારદીપુર પ્રાથમિક કન્યા શાળામાં જિલ્લા કક્ષાના અધિકારી નટુભાઈ (બાહ્ય મૂલ્યાંકનકાર) અને લાયઝન ઑફિસર યોગેશભાઈ આચાર્ય ગુણોત્સવ-૮ સંદર્ભે આવ્યા હતા. તેમની રાહબરી હેઠળ ધોરણ-૨થી ૫, ૬થી ૮ના વિદ્યાર્થીઓનું વાચન, ગણન, લેખન ચકાસવામાં આવ્યું હતું તથા ઓઍમઆર શીટના આધારે ધોરણ-૬થી ૮નું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. છેલ્લા સૅશનમાં તમામ સ્ટાફ તથા ઍસઍમસી સભ્યોની બેઠક બોલાવી માર્ગદર્શન પણ બંને વિશેષજ્ઞો દ્વારા આપવામાં આવ્યું હતું.

## ૧૦૮ દિવ્ય ઔષધિઓનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૮

'રાજ પ્રતિબોધક', પદ્મભૂષણ પુરસ્કૃત જૈનાચાર્ય રત્નસુંદરવિજયજી મ.સા., મુનિરાજ સૌમ્યરત્નવિજયજી મ.સા. સહિત ૨૦૦થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં 'ઔષધિ અભિમંત્રણ વિધાન'નું આયોજન ગુરુવારે યોગેશ્વરનગર મેદાન ખાતે થયું હતું. ઉલ્લેખનીય છે કે સિદ્ધાંત મહોદધિ સૂરિપ્રેમ સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી દિન વૈશાખ વદ-એકાદશી, તા.૧૧મી મેના રોજ છે ત્યારે અમેરિકા, યુરોપ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ આદિ ભારતભરનાં ૧૦૦૮થી વધુ જિનાલયોમાં સામૂહિક મહા-અભિષેક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે..

આ 'ઔષધિ અભિમંત્રણ વિધાન' પ્રસંગે મેયર ગૌતમભાઈ શાહ, શ્રેષ્ઠી કલ્પેશભાઈ વી. શાહ, જયેશભાઈ ભણસાળી, દીપકભાઈ આદિ સહિત અનેક સંઘોના મુખ્ય ટ્રસ્ટીવર્યો વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે સાબરમતી વિસ્તારમાં તા.૧૯મી એપ્રિલના રોજ અભિમંત્રિત થયેલી ઔષધિઓને ખાંડવાનું વિધાન કરવામાં આવશે.

આ વ્યાખ્યાનમાં 'રાજ પ્રતિબોધક', પદ્મભૂષણ પુરસ્કૃત જૈનાચાર્ય રત્નસુંદરવિજયજીએ જણાવ્યું કે, સન્માર્ગની પ્રાપ્ત કરવી હોય તો તમારે પાંચ વાત મહત્ત્વની છે. ભગવાન મહાવીરના ઉપદેશથી ખુદનું જીવન બચાવી લો, ભગવાન મહાવીરનાં સંદેશથી તમારું જીવન બચાવી લો અને ગુરુદેવના આદેશથી જીવનને બચાવી લો - આ ત્રણથી પણ જીવન ન બચે તો ચોથી વાત અન્ય કોઈનો અનુભવથી સન્માર્ગે ચાલો અને આ ચારથી પણ ન બને તો તમે ખુદનાં અનુભવથી તમારું જીવન બચાવી લો. જો તમે તમારો અનુભવને પણ નજરઅંદાજ કરીને તમે ખોટા માર્ગે જ આગળ વધો છો ત્યારે ઉપદેશ, સંદેશ અને આદેશ ઉપયોગી સાબિત થાય છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં યુવાનો અને જૈન-અજૈન ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. પાલડી વિસ્તારમાં અનેક સંઘોમાંથી ૧૧૦૦થી વધુ સૌભાગ્યવતી બહેનોએ માથે મોઢ અને ચુંદડી સાથે ૧૦૮ દિવ્ય તેજોમય ઔષધિઓને જીરાવાલા પાર્શ્વનાથ દાદાના મંત્રજાપ દ્વારા ખાંડવા અને કૂટવાનું પવિત્ર વિધાન કર્યું હતું. આ સમગ્ર આયોજન એલર્ટ ગ્રૂપ મહિલા વિંગ દ્વારા થયું હતું. આ નિમિતે ૧૦૮ દિવ્ય ઔષધિઓનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. દરેક સંઘોમાં ભેટસ્વરૂપે આપવાની અભિષેક કીટનું પણ પ્રદર્શન થયું હતું. સાથે જ ૩,૦૦૦થી વધુ ભાઈ-બહેનોએ તેનાં દર્શન કર્યા હતા.

# પ્લાસ્ટિક કચરાની વ્યવસ્થા માટે મહારાષ્ટ્રે કરી પહેલ : ગુજરાત બોધ લેશે ?







પ્લાસ્ટિકના કચરાની વ્યાપક સમસ્યાથી સૌ અવગત છે. આ અંગે વર્ષ ૨૦૧૬માં, કેન્દ્ર સરકાર દ્વારા અગાઉના ક્ષતિ યુક્ત કાયદાને રદ કરીને, પ્લાસ્ટિક વૅસ્ટનું સુચારૂ વ્યવસ્થાપન થઈ શકે, તેવો કાયદો માર્ચ ૨૦૧૬થી અમલમાં છે.

આ કાયદાના અમલીકરણ માટે દરેક રાજ્ય સરકારના શહેરી વિભાગના વડાના અધ્યક્ષ સ્થાને સમિતિનું ચોક્કસ માળખું પણ આવરી લીધું છે.,

આ દિશામાં, મહારાષ્ટ્ર રાજ્યે, ઉપરોક્ત કાયદા હેઠળ, ન કેવળ ૫૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટિકની કૅરીબૅગ પર પ્રતિબંધ લાધ્યો છે, પરંતુ, પ્લાસ્ટિક અને થર્મોકોલમાંથી તૈયાર કરાતા ડિસ્પોઝેબલ ડિશ, કપ, ગ્લાસ, ફોર્ક, બાઉલ, કન્ટેન્સ, હોટલ તેમજ અન્ય ખાણીપીણાના સંચાલકો દ્વારા વપરાશમાં લેવામાં આવતા ડિસ્પોઝેબલ ડિશ/બાઉલ, સ્પૂન, સ્ટ્રો, નોન-વૂવન પોલીપ્રોપિલિન બૅગ્સ, કપ, પ્રવાહી ભરવાના પાઉચ, ખાદ્ય ચીજવસ્તુઓ, તેમજ ખાદ્ય પદાર્થો ભરવા પૅક કરવા કે વિંટાડવામાં વપરાતા પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકતો કાયદો મહારાષ્ટ્રના ગાર્બેજ કંટ્રોલ કાયદા હેઠળ પણ આવરી લઈને, પ્લાસ્ટિકના કચરાના વ્યવસ્થાપન પરત્વે ઉમદા અનુકરણીય નિર્ણય લીધો છે.

વળી, આ કાયદાના પાલનની જવાબદારી મહાનગરપાલિકાઓના કમિશ્નર, નાયબ કમીશ્નર, શોપ્સ એન્ડ એસ્ટાબ્લિસમેન્ટ ઓફિસર્સ એન્ડ ઈન્સ્પેકર્સ, સેનેટરી ઈન્સ્પેકર્સ, હેલ્થ ઈન્સ્પેકર્સ, હેલ્થ ઓફિસર્સ, વોર્ડ ઓફિસર્સ, તેમજ નગરપાલિકાઓના ચીફ ઓફિસર્સને સુપરત કરી છે.

ઉપરાંત, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, તેમજ ગ્રામ સેવકને પણ આ કાયદાના અમલ માટે અધિકૃત કર્યા છે.

સાથોસાથ, આ વિશાળ કામગીરીમાં, મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણની તમામ કચેરીઓ ખાતેના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓ તેમજ મહારાષ્ટ્ર પર્યાવરણ વિભાગના નિયામકને પણ સત્તા સોંપી છે.

વળી, પ્રાથિમક અને માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયામક, તેમજ તમામ ટૂરિઝમ પોલીસ, પોલીસ ઈન્સ્પેકર્સ, પોલીસ સબ-ઈન્સ્પેકટર્સ, આરટીઓ ઈન્સ્પેક્ટર્સ, મહારાષ્ટ્ર પ્રવાસન નિગમના સંયુક્ત નિયામક, અને સદર નિગમ દ્વારા જે અધિકારીઓને અધિકૃત કરવામાં આવે તેવા તમામ અધિકારીઓ, નાગરિક પુરવઠાના નાયબ કમિશ્નર, જિલ્લા નાગરિક પુરવઠા અધિકારી, વેચાણ વેરાના તમામ અધિકારીઓ, નાયબ વન સંરક્ષક અને તમામ રેન્જ ફોરેસ્ટ અધિકારીઓએ પણ આ ફરજો બજાવવાની છે. આ કામગીરીમાં ઉદ્યોગજગત તથા સામાજિક કલ્યાણની સંસ્થાઓને પણ ઉપરોક્ત કાયદાનો ભંગ કરાતો જણાય તેની માહિતી આપવા પણ જણાવ્યું છે.

- નરેશ ઠાકર